


ઔષધ . . . ભવ રોગના

"મંગલમ્ ભગવાન વીરો, મંગલમ્ ગૌતમોગણી;
મંગલમ્ કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલમ્."

હે આત્મન્!

જય જિનેન્દ્ર!!

ચાલો, આજે આપણે કંઈક એવું સાંભળીએ કે જેથી આપણાં ઉપર આવી પડેલા રોગ, પીડા, દુઃખ, દર્દ સર્વે ભુલાઈ જાય અને કોઈપણ ઉદય પ્રસંગે હર્ષ-શોકની લાગણી કે આકુળતા ન થાય અને રાગ-દ્વેષ રહિતની શાંતિ પામી, સાચા અર્થમાં અનંત સુખની પ્રાપ્તિ થાય!

અનાદિકાળથી ચાર-ગતિરૂપ સંસારમાં રખડતા-રઝળતા, અથડાતા-કૂટાતા એવા સર્વ જીવોને ક્યારેય તલમાત્ર પણ સુખ મળ્યું નથી. જે કાંઈક ક્ષણિક સુખ લાગ્યું છે તે સુખાભાસ જ હતો અને છે, કારણકે કહેવાતા સુખની પાછળ શું દુઃખ ઉભરી આવ્યું નથી?...... સામાન્ય રીતે અનુકૂળતાના સમયે તે દુઃખ ખ્યાલમાં આવતું નથી. પરંતુ જ્યારે દેહમાં રોગની ઉત્પત્તિ થાય છે, વૃદ્ધાવસ્થા આવે છે અને ઇન્દ્રિયો શિથિલ થવા માંડે છે અને જ્યારે મૃત્યુ નજીક દેખાય, ત્યારે દેહમાં અત્યંત પ્રીતિ હોવાને લીધે, દુઃખનો કષ્ટજનક અનુભવ થવા માંડે છે. અત્યાર સુધી કહેવાતા સાંસારિક સુખો અને દુઃખો વખતે, અર્થાત્ શાતા-અશાતાના ઉદય સમયે બીજા નવા અનંત કર્મોનું ઉપાર્જન કરી આપણે દુઃખોની જાણે વણઝાર ઊભી કરીએ છીએ. પરંતુ, ભ્રમણાનાં એ જગતને જાકારો આપવાનો યોગ હવે બાઝયો છે. કાલ્પનિક સુખો કે દુઃખોની ઉપેક્ષા કરી, મુક્તિના વાસ્તવિક અનંત સુખમાં જવાની યાત્રાનો પ્રારંભ કરવાનો અપૂર્વ અવસર આવ્યો છે. આજે જરા સમજાય એવી મનોસ્થિતિ થઈ છે. તો પછી, હવે આ દુઃખોનાં અનેક વખતનાં આવાગમન અને ભોગવટાને રોકી, એવું કંઈક અપૂર્વ કરી લઈએ કે જેથી દુઃખનો આત્યંતિક નાશ થાય અને અનંતકાળ માત્ર સુખ જ અનુભવાય!

નિરંતર જેમને આત્માની જ વૃત્તિ અને પ્રતીતિ હતી, સૌના અનુભવમાં આવે એવું જેમનું કથન છે, એવા અધ્યાત્મ યોગીશ્વર **પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર દેવ**, લગભગ ૧૧૫ વર્ષ પહેલાં ગુજરાતની પાવન ધરતી પર થઈ ગયા. **"પરમ કૃપાળુ દેવ"** વિશે શું કહેવું? શબ્દો ખૂબજ ટૂંકા પડે છે. વાણી મૌન થઈ જાય છે! આ અનુપમ સંત શિરોમણિ, સમ્યક્દ્રષ્ટિ, જ્ઞાની–ધ્યાની અને ચરમ તીર્થંકર **શ્રી મહાવીરસ્વામી ભગવાન** સાથે વિચરેલા એવા, તેમના ચરમ શિષ્ય હતા. **પરમ કૃપાળુ દેવના** આત્મલક્ષી વિચારોથી સમૃદ્ધ વિપુલ સાહિત્યમાંથી, વિવિધ વિષયોને સ્પર્શતા, અમૃતતુલ્ય વચનામૃતોને વણી લઈને આ **CD** બનાવવામાં આવેલ છે. જેને પ્રસ્તુત કરતાં **શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ,** અતિ હર્ષ અને ઉલ્લાસ અનુભવે છે. આ પ્રકલ્પમાં લેખન કાર્ય માટે રાજુ દવે, સંગીતકાર સુરેશ જોશી અને પ્રવક્તા સનત વ્યાસ અને ધર્મેન્દ્ર ગોહિલનો સહયોગ મળ્યો છે.

મુમુક્ષુજનોને દુઃખ મટાડવાનો રામબાણ ઇલાજ બતાવતાં **શ્રીમદ્ પરમ કૃપાળુદેવ** પ્રકાશે છે.....

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરૂ ભગવંત."**

**યથાર્થ જોઈએ તો શરીર એ જ વેદનાની મૂર્તિ છે. સમયે સમયે જીવ તે દ્વારાએ વેદના જ વેદે છે. ક્વચિત્ શાતા અને પ્રાયે અશાતા જ વેદે છે. માનસિક અશાતાનું મુખ્યપણું છતાં તે સૂક્ષ્મ સમ્યગ્દૃષ્ટિવાનને જણાય છે. શારીરિક અશાતાનું મુખ્યપણું સ્થૂળ દૃષ્ટિવાનને પણ જણાય છે. જે વેદના પૂર્વે સુદૃઢ બંધથી જીવે બંધન કરી છે, તે વેદના ઉદય સંપ્રાપ્ત થતાં ઈન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર કે જિનેન્દ્ર પણ રોકવાને સમર્થ નથી. તેનો ઉદય જીવે વેદવો જ જોઈએ. અજ્ઞાનદૃષ્ટિ જીવો ખેદથી વેદે તોપણ કંઈ તે વેદના ઘટતી નથી કે જતી રહેતી નથી. સત્યદૃષ્ટિવાન જીવો શાંત ભાવે વેદે તો**

તેથી તે વેદના વધી જતી નથી, પણ નવીન બંધનો હેતુ થતી નથી. પૂર્વની બળવાન નિર્જરા થાય છે. આત્માર્થીને એ જ કર્તવ્ય છે.

**'હું શરીર નથી, પણ તેથી ભિન્‍ન એવો જ્ઞાયક આત્મા છું, તેમ નિત્ય શાશ્વત છું. આ વેદના માત્ર પૂર્વ કર્મની છે, પણ મારું સ્વરૂપ નાશ કરવાને તે સમર્થ નથી, માટે મારે ખેદ કર્તવ્ય જ નથી' એમ આત્માર્થીનું અનુપ્રેક્ષણ હોય છે. ( ....પત્રાંક ૯૨૭ )**

સમસ્ત સંસારી જીવો કર્મવશાત્ શાતા-અશાતાનો ઉદય અનુભવ્યા જ કરે છે. જેમાં મુખ્યપણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે. ક્વચિત્ અથવા કોઈક દેહસંયોગમાં શાતાનો ઉદય અધિક અનુભવાતો જણાય છે, પણ વસ્તુતાએ ત્યાં પણ અંતરદાહ બળ્યા જ કરતો હોય છે. પૂર્ણ જ્ઞાની પણ જે અશાતાનું વર્ણન કરી શકવા યોગ્ય વચનયોગ ધરાવતા નથી, તેવી અનંત અનંત અશાતા આ જીવે ભોગવી છે, અને જો હજુ તેનાં કારણોનો નાશ કરવામાં ન આવે તો ભોગવવી પડે એ સુનિશ્ચિત છે, એમ જાણી વિચારવાન ઉત્તમ પુરુષો તે અંતરદાહરૂપ શાતા અને બાહ્યાભ્યંતર સંક્લેશ અગ્નિરૂપે પ્રજ્વલિત એવી અશાતાનો આત્યંતિક વિયોગ કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા, અને તે સન્માર્ગ ગવેષી, પ્રતીત કરી, તેને યથાયોગ્યપણે આરાધી, અવ્યાબાધ સુખસ્વરૂપ એવા આત્માના સહજ શુદ્ધ સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા.

શાતા-અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોને ગવેષતા એવા તે મહત્ પુરુષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્‌ભવતી કે શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગૃત થતું, ઉલ્લાસ પામતું, અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો.

કેટલાક કારણવિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય

**ઔષધાદિ આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતા, પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.** ***(....પત્રાંક ૯૧૩)***

પ્રકાશ જ્યારે અંધકારમાં ઓગળી જાય છે ત્યારે મનુષ્યનો પડછાયો પણ તેનો સાથ છોડી જાય છે તેમ, ન ઈચ્છવા છતાં પુણ્યકર્મ ક્ષય થતાં સર્વ અનુકૂળ સામગ્રી છૂટી જાય છે. માટે પ્રબળ વેદનાના ઉદયકાળ સમયે નિરૂપાયતા હોવાથી સહનશીલતા જ સુખદાયક છે. **શ્રીમદ્ રાજચંદ્રજી** કહે છે કે **"તારા દોષે તને બંધન છે."** તને કોઈ જ બાંધનાર નથી. તું પોતાની ભૂલથી જ બંધાય છે. જ્ઞાનીના વચનો અંગીકાર કરતાં તું તારા આ બંધનમાંથી મુક્ત થઈશ.

**"જે અનિત્ય છે, જે અસાર છે અને જે અશરણરૂપ છે તે આ જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે તે વાત રાત્રિદિવસ વિચારવા યોગ્ય છે."**

**શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવા કર્મોનું ફળ જાણી સમ્યક્પ્રકારે અહિયાસવા યોગ્ય છે. ઘણી વાર શારીરિક વેદનાનું બળ વિશેષ વર્તતું હોય છે, ત્યારે ઉપર જે કહ્યો છે તે સમ્યક્પ્રકાર રૂડા જીવોને પણ સ્થિર રહેવો કઠણ થાય છે; તથાપિ હૃદયને વિષે વારંવાર તે વાતનો વિચાર કરતાં અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા, મરણાદિ ધર્મથી રહિત ભાવતાં, વિચારતાં, કેટલીક રીતે તે સમ્યક્પ્રકારનો નિશ્ચય આવે છે. મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ, તથા પરિષહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી, તે વિષે તેમનો રહેલો અખંડ નિશ્ચય તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી જીવને તે સમ્યક્પરિણામ ફળીભૂત થાય છે, અને વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત થયે ફરી તે વેદના કોઈ કર્મનું કારણ થતી નથી. વ્યાધિરહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી, તે પ્રત્યેથી મોહ-મમત્વાદિ ત્યાગ્યાં હોય, તો તે મોટું શ્રેય છે; તથાપિ તેમ ન બન્યું હોય**

તો કંઈ પણ વ્યાધિ ઉત્પન્ન થયે તેવી ભાવના ભાવતાં જીવને નિશ્ચળ એવું ઘણું કરી કર્મબંધન થતું નથી; અને મહાવ્યાધિના ઉત્પત્તિકાળે તો દેહનું મમત્વ જીવે જરૂર ત્યાગી જ્ઞાનીપુરુષના માર્ગની વિચારણાએ વર્તવું, એ રૂડો ઉપાય છે. જોકે દેહનું તેવું મમત્વ ત્યાગવું કે ઓછું કરવું એ મહા દુષ્કર વાત છે, તથાપિ જેનો તેમ કરવા નિશ્ચય છે, તે વહેલે મોડે ફળીભૂત થાય છે.

જ્યાં સુધી દેહાદિકથી કરી જીવને આત્મકલ્યાણનું સાધન કરવું રહ્યું છે, ત્યાં સુધી તે દેહને વિષે અપારિણામિક એવી મમતા ભજવી યોગ્ય છે; એટલે કે આ દેહના કોઈ ઉપચાર કરવા પડે તો તે ઉપચાર દેહના મમત્વાર્થે કરવાની ઈચ્છાએ નહીં, પણ તે દેહે કરી જ્ઞાનીપુરુષના માર્ગનું આરાધન થઈ શકે છે, એવો કોઈ પ્રકારે તેમાં રહેલો લાભ, તે લાભને અર્થે, અને તેવી જ બુદ્ધિએ તે દેહની વ્યાધિના ઉપચારે પ્રર્વતવામાં બાધ નથી. જે કંઈ તે મમતા છે તે અપારિણામિક મમતા છે, એટલે પરિણામે સમતા સ્વરૂપ છે; પણ તે દેહની પ્રિયતાર્થે, સાંસારિક સાધનમાં પ્રધાન ભોગનો એ હેતુ છે, તે ત્યાગવો પડે છે, એવા આર્ત્તધ્યાને કોઈ પ્રકારે પણ તે દેહમાં બુદ્ધિ ન કરવી એવી જ્ઞાનીપુરુષોના માર્ગની શિક્ષા જાણી આત્મકલ્યાણનો તેવા પ્રસંગે લક્ષ રાખવો યોગ્ય છે.

સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું, અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર, અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે.

તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે. *(....પત્રાંક ૪૬૦)*

**પરમ કૃપાળુ દેવ** કહે છે કે "દેહની જેટલી ચિંતા રાખે છે તેથી અનંતગણી ચિંતા આત્માની રાખ, કારણકે હે જીવ! અનંત ભવ એક ભવમાં ટાળવા છે." સાચે જ, મારો આત્મા જે આનંદસ્વરૂપ અને નિત્ય છે, તેનો કદીયે શું નાશ થઈ શકે? કેવું રૂડું છે આવું મારૂં અવિનાશી આત્મ સ્વરૂપ!! **"એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે."**

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે,**
**ઉપયોગી સદા અવિનાશ રે,**
**મૂળ મારગ સાંભળો જિનનો રે.**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે,**
**કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ રે,**
**મૂળ મારગ સાંભળો જિનનો રે"**

**"શ્રીમત્ વીતરાગ ભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિ-સ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો."**

**તે શ્રીમત્ અનંત ચતુષ્ટયસ્થિત ભગવતનો અને તે જયવંત ધર્મનો આશ્રય સદૈવ કર્તવ્ય છે. જેને બીજું કંઈ સામર્થ્ય નથી એવા અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમ સુખહેતુ એવાં અદ્ભુત ફળને પામ્યા છે, પામે છે અને પામશે. માટે નિશ્ચય અને આશ્રય જ કર્ત્તવ્ય છે, અધીરજથી ખેદ કર્ત્તવ્ય નથી.**

**ચિત્તમાં દેહાદિ ભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી.**

**દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે, એમ સમજો. એ જ દૃષ્ટિ કર્ત્તવ્ય છે.**

હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ ? એ આદિ ખેદ નહીં કરતાં વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદવૃત્તિ દૂર કરી આત્મા અસંગ-શુદ્ધ-ચૈતન્ય-સ્વરૂપ છે, એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી તે જ વૃત્તિનું બળ રાખવું, અને મંદ વૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું, તે અદ્‌ભુત ચરિત્ર પર દૃષ્ટિ પ્રેરીને વૃત્તિને અપ્રમત કરવી, એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારકારક તથા કલ્યાણસ્વરૂપ છે. *(....પત્રાંક ૮૪૩)*

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઈચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી, ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી. એમ સર્વ જ્ઞાનીપુરુષોને ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરૂવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઈચ્છતો હોય, સર્વથા દુઃખથી મુક્તપણું તેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારનાં મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્ત્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.

એક મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષુ જીવે એ જ કરવી યોગ્ય છે કે સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી, અને તે સત્સંગમાં નિરંતર સમય સમય નિવાસ ઈચ્છવો, અસત્સંગનું ક્ષણે ક્ષણે વિપરિણામ વિચારવું, એ શ્રેયરૂપ છે. બહુ બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે. *(....પત્રાંક ૩૭૫)*

**અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે.** *(....પત્રાંક ૧૬૬)*

**કૃપાળુદેવે** સમજાવ્યું એમ, આવા ઉત્તમ સંજોગોમાં, આ મળેલ મનુષ્યભવમાં અત્યારે જ શરીરથી અળગાપણું, ભિન્નતા, શું મારે ન કરી લેવી જોઈએ?

અંતરના ઊંડાણમાંથી હકાર આવે છે કે હા! દેહમાં નિર્બુદ્ધિ કરીને જ નિર્ભય, નિઃખેદ થવાશે, અન્ય કોઈ ઉપાયે નહીં. ઔષધાદિક ઉપચારો ભૂમિકા અનુસાર સહજ થયા કરે પરંતુ તે, મમતા ભાવે હોય જ નહીં કારણકે ચારે ગતિમાં સ્વરૂપ પ્રાપ્તિ થઇ શકતી હોવા છતાં, દુઃખથી સર્વથા મુક્તિ પામી નિર્વાણ પામવાનો પુરુષાર્થ, દુર્લભ એવા એક મનુષ્યભવમાં જ થાય છે. સારૂં-નરસું, શુભ-અશુભ, પુણ્ય-પાપથી પર એવી પૂર્ણદશામાં પહોંચવા માટે મનુષ્યદેહ જ સર્વશ્રેષ્ઠ સાબિત થયો છે, એમ જ્ઞાનીઓ કહે છે અને તે જ પરમ સત્ય છે. મનુષ્યદેહમાં સત્દેવ, સદ્ગુરૂ તથા સદ્ધર્મના નિમિત્તો, સુવિચારની સ્ફૂરણા અને હિતાહિતનો વિવેક કરવાની શક્તિ, સંયોગ, અવકાશ અને વિવેક પ્રાપ્ત થાય છે. ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે, એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મ મરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં, તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો! ધિક્કાર હો!!

આ અનંતાઅનંત પરિભ્રમણમાં જેટલા મનુષ્યભવ મળ્યાં છે તેના કરતાં અનંતગણા નરકગતિના અને તેથી અનંતગણા દેવગતિના અને તેના કરતાં અનંતાઅનંત ભવ તિર્યંચ ગતિના મળ્યાં છે. ૨૦૦૦

સાગરોપમની ત્રસ સ્થિતિમાં માત્ર ૪૮ ભવ જ મનુષ્યના મળે છે.

વળી અગાધ એવા સમુદ્રમાં ખોવાયેલ મોતીની જેમ, દુર્લભ મનુષ્ય ભવમાં પણ, અતિ દુર્લભ એવો જૈન ધર્મ, આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ, દીર્ઘ આયુષ્ય, પાંચ ઇન્દ્રિય સાબુત, પૂરતી આજીવિકા અને શિખર ઉપર કળશની જેમ સાચાં દેવ-શાસ્ત્ર-ગુરૂ તો જવલ્લે જ મળે છે.

પણ વિચારવાનું એ છે કે એવો દુર્લભ...અતિદુર્લભ મનુષ્ય દેહ મળ્યા પછી કર્યું શું?

**"બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,**
**તોયે અરે! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;**
**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?**

**લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?**
**શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;**
**વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,**
**એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!!"**

સમુદ્રના જળ સમાન ખારા સંસાર સાગરના પાણીથી કદી પણ તૃષા છિપાઈ શકે?

જીવ અહંકાર અને રાગ-દ્વેષની ધરી પર મત્ત થઈ, અનેકાનેક હારમાળારૂપ સંચિત કર્મો બાંધે છે, એમ વિચારીને, કે આ સમય કદી બદલાશે નહીં! પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં અંધ થઈ, ભાન ભૂલી, માર્ગ ચૂકી મનુષ્ય અવતાર વેડફી નાખે છે. સંસારના સંબંધો સાચવવા, બધાને રાજી રાખવા શું નહોતો મથ્યો? બધાંની જરૂરિયાતો અને અપેક્ષાઓ સંતોષવા ઘાણીના બળદની જેમ કામ કર્યું, એ સગવડો-વ્યવસ્થાઓ કાયમ

રહે તેના કાવા-દાવા અને પ્રપંચોમાં કર્મોનાં કેટલાં પોટલાં બાંધ્યા? જીદો કરી, આપ્તજનો સામે સફળતા વારંવાર વાગોળીને આનંદ લીધો, તે કર્મોનો હિસાબ કઈ રીતે પૂરો થાશે?

સાચે જ, **શ્રીમદ્જી** એ કહ્યું છે, **"જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત."** જે મેળવ્યું એ તો મારા નસીબનું જ હતું! હું લાયક જ હતો તેની માટે, આવું વિચારી આત્મશ્લાઘામાં રચ્યો-પચ્યો રહ્યો. **જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમ કે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે.** જીવનભર હું બીજાની નજરે કઇ રીતે રૂડો લાગું તેના પ્રયત્નોમાં સમય વેડફ્યો અને મારી કઇ ત્રુટિઓ રહી ગઈ તે શોધવા અવકાશ જ ન મેળવ્યો. **'સ્વ'**ની ઓળખ ચાલુ કરી ત્યાં તો શરીરે સાથ છોડવા માંડયો. અમૂલ્ય માનવભવ ખર્ચાઈ ગયો. હવે મનોબળ ભુક્કો અને શરીર કૃષ થઈ રહ્યું છે. જેની-જેની માટે આ સર્વ કર્યું તે સૌ પોત-પોતાના જગતમાં ઓત-પ્રોત થઈ ગયા. સમયનું ચક્ર તો અવિરતપણે ફર્યા જ કરે છે અને પીડા ભોગવવાના સમયે જીવ એકલો પડી જઈ, નિરૂપાય થઈ વિવશતા અનુભવે છે. માલિકી અને અધિકારના પડળોએ વિવેક બુદ્ધિને ગ્રસી લીધી છે. હવે જીવન ગણિતના અઘરા સરવાળા-બાદબાકી-ગુણાકાર-ભાગાકાર કરી, પીડાના મૂળ ગોતવાના સંઘર્ષનો કોઈ અર્થ નથી. એવા નિરર્થકતાના ઘોર અંધકારમાંથી સંપૂર્ણ શાતારૂપ સાર્થકતાના અજવાળા તરફ ગતિ કરવા ચાલો, આપણે આ બધું જ ભૂલી, બાકી બચેલા સમયનો સદુપયોગ કરી લઈએ. અનંતકાળથી આત્માની ફક્ત વાતો જ કરી અને નક્કર કશુંય કર્યું નથી એટલે હજી સુધી આનંદ દશા પમાઈ નથી. માટે આજે તે જ વાતોને, મનન-ચિંતન અને અંતર પરિણમનમાં મૂકવાનો અવસર આવ્યો છે. જ્ઞાનીપુરુષોના અપૂર્વ વચનોને શ્રવણ કરવાની મંગળ ઘડી આવી છે.

જેથી આપણાં અવળાં પ્રયત્નોનો જરૂરથી અંત આવશે.

**દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે, કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો, જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષને આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે. જન્મજરામરણાદિને નાશ કરવાવાળું આત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મજરામરણાદિનો નાશ કરી શકે, કેમકે તે યથાસંભવ ઉપાય છે. સંયોગ સંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચયે છે, પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે, કે જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે.**

**શ્રી સદ્‌ગુરૂએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો.**

**હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય. ( ....પત્રાંક ૬૯૨ )**

**"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.**

**એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;**
**અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.**

**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;**
**બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ."**

સત્પુરુષે કહ્યું છે કે જો એક પળ પણ, વ્યર્થ વીતેલા જીવન માટે ગ્લાનિ કે ખેદ અનુભવાય તો જ્ઞાનીની સંગતિ, તેમનાં શબ્દોમાંથી જીવનસાર પ્રાપ્ત થઈ, આત્મકલ્યાણ તરફ નક્કી આરોહણ થાય. અનંતવાર માનવ આયખું મળવા છતાંય જ્ઞાનીને ઓળખી, તેમનો આશ્રય પ્રાપ્ત કરવામાં સફળતા મળી નથી તો હવે એવું ચોક્કસ નહીં જ થાય. જો! મોક્ષનો માર્ગ બહાર નથી, પણ અંતર આત્મામાં છે, તો પછી માર્ગ પામેલો જ માર્ગને પમાડશે. શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે પણ મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરુષના અંતરાત્મામાં રહ્યો છે. તો આવો, તે મર્મને જાણીને આત્મકલ્યાણના મોતી પરોવી લઈએ, જાગૃત થઈને જ્ઞાનીના માર્ગને અવધારીએ.

**અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.**

**વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.**

**વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત વાર છોડતાં, એનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.**

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડયું! અને તેમ કરવાની તો ઈચ્છા નહોતી! કહો એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરૂપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દૃઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું, જયાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દૃઢતા છે તેનું કેમ કરવું? કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન કયાં છે કે જ્યાં જઈને રહીએ? અર્થાત્ તેવા સંતો કયાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ? ત્યારે હવે કેમ કરવું?

"ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાં સુધી હે જીવ! છૂટકો નથી."

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી

**શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.**

**ગમ પડયા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.**

**"એ કાંઈ ખોટું છે?" શું?**

**પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ તો?**

**લઈ શકાય. (....પત્રાંક ૧૨૮)**

ખરેખર, હર ક્ષણે ચંચળ અને બદલાતી એવી આપણી વૃત્તિઓ જ આપણાં વૈરાગ્યનું કારણ ન બનવી જોઈએ?

હું, પરદ્રવ્યમાં કંઈ પણ કરી શકતો જ નથી, તો પછી હવે મારે પરિભ્રમણ નથી જ કરવું એવો દ્રઢ નિર્ણય કરી, જિનેન્દ્ર ભક્તિમાં અતિશય ભાવે લીન થઈ, સત્સંગ...સત્પુરુષ...સત્શાસ્ત્ર આદિ સાધનમાં જ તત્પર રહી, મોક્ષના પંથે ચાલવું જોઈએ.

**શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કહ્યો છે; પણ જીવ દિશામૂઢ રહેવા ઈચ્છે છે ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી. અને તે સમજવું પણ કંઈ વિકટ નથી, કેમકે જીવનું**

**સહજ જે સ્વરૂપ છે તે જ માત્ર સમજવું છે; અને તે કંઈ બીજાના સ્વરૂપની વાત નથી કે વખતે તે ગોપવે કે ન જણાવે, તેથી સમજવી ન બને. પોતાથી પોતે ગુપ્ત રહેવાનું શી રીતે બનવા યોગ્ય છે? પણ સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાનદશારૂપ સ્વપનરૂપયોગે આ જીવ પોતાને, પોતાનાં નહીં એવાં બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે; અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિ ગતિનો હેતુ તે જ છે, તે જ જન્મ છે, મરણ છે અને તે જ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે, અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે; અને એ જ નિવૃત્તિને અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે; અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટયો એમાં કંઈ સંશય નથી. (....પત્રાંક ૫૩૭)**

અનેકાનેક જન્મો વીતી ગયાં, પરંતુ મુક્તિની દિશા આ પાપી જીવે શોધી નહીં. વીતરાગ ભગવંતોએ સ્પષ્ટ જણાવ્યું છે કે સમજણથી મોક્ષ પ્રાપ્ત થશે, પણ હું મૂઢ જેવો સમજ્યો જ નહીં. પોતાના ન હોય એવા પર પદાર્થોમાં પોતાપણાની માન્યતા કરી અને એવી માયાનું સામ્રાજ્ય, ચાર ગતિના પરિભ્રમણનું કારણ બન્યું. એની નિવૃત્તિ માટે જ સત્સંગ અને સત્‌પુરુષનું શરણ એ ઉપાય કહ્યો છે. માટે હવે પુરેપુરો પુરુષાર્થ પ્રગટ કરી, બીજા બધા સંસારી નિરર્થક વિકલ્પોને છોડી દઈ, મારે ફક્ત સત્સંગનું અને શુદ્ધાત્માનું જ શરણ લેવું જોઈએ.

**માર્ગની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે, તેણે બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે :-**

"અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી? અને તે શું કરવાથી થાય?"

આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે; અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના, તેને માટે દૃઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી; પૂર્વે થયું નથી; અને ભવિષ્યકાળે પણ નહીં થશે. અમે તો એમ જાણ્યું છે. માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું જાણવું શું? તે જણાય છે. *(....પત્રાંક ૧૯૫)*

'સત્' એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે, અને એ જ જીવનો મોહ છે.

'સત્' જે કંઈ છે, તે 'સત્' જ છે; સરળ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ જેને ભ્રાંતિરૂપ આવરણતમ વર્તે છે તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય ? અંધકારના ગમે તેટલા પ્રકાર કરીએ, પણ તેમાં કોઈ એવો પ્રકાર નહીં આવે કે જે અજવાળારૂપ હોય; તેમ જ આવરણ-તિમિર જેને છે એવાં પ્રાણીની કલ્પનામાંની કોઈ પણ કલ્પના 'સત્' જણાતી નથી, અને 'સત્'ની નજીક સંભવતી નથી. 'સત્' છે, તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવળ વ્યતિરિક્ત (જાુદું) છે; કલ્પનાથી 'પર' (આઘે) છે; માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.

આ જે વચનો લખ્યાં છે, તે સર્વ મુમુક્ષુને પરમ બંધવરૂપ છે, પરમ રક્ષકરૂપ છે; અને એને સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમપદને આપે એવાં છે; એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષટ્દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે કહ્યું છે; માટે ફરી ફરીને તેને સંભારજો;

**વિચારજો; સમજજો; સમજવા પ્રયત્ન કરજો; એને બાધ કરે એવા બીજા પ્રકારોમાં ઉદાસીન રહેજો; એમાં જ વૃત્તિનો લય કરજો. એ તમને અને કોઈ પણ મુમુક્ષુને ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે; એમાં 'સત્' જ કહ્યું છે; એ સમજવા માટે ઘણો જ વખત ગાળજો. (....પત્રાંક ૨૧૧)**

શરણ, અર્થાત્ (આશ્રય) અને નિશ્ચય કર્તવ્ય છે. અધીરજથી ખેદ કર્તવ્ય નથી. ચિત્તને દેહાદિ ભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી. અસ્થિર પરિણામ ઉપશમાવવા યોગ્ય છે.

**"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;**
**અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે."**

ॐ

**વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.**

**આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ! નિવૃત્તિ થાઓ!!**

**હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા! જાગૃત થા!! નહીં તો રત્ન ચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.**

**હે જીવ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે. ( ....પત્રાંક ૫૦૫ )**

**બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.**

**સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવપ્રવચન પ્રમાણિક ગણ.**

**એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઈચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ. ( ....પત્રાંક ૭૬ )**

સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક માત્ર આત્મજ્ઞાન જ છે, અને તે પ્રાપ્ત કરવું એજ મારૂં કર્તવ્ય છે.

**"મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;**
**હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.**
**સમજ, પિછેં સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ;**
**યે મુશકીલી કયા કહું ? યે મુશકીલી કયા કહું?"**

**( હાથનોંધ ૧, પૃષ્ઠ ૩૦ - વચનામૃત પૃષ્ઠ ૭૯૬ )**

કૃપા છે સત્પુરુષની, જ્ઞાનીની...... જે કંઈક પણ જિજ્ઞાસા થઈ છે, તો હવે જરૂરથી કાર્ય થશે. વેદનાને તિલાંજલી આપી, સમતા ધારી, જીવન સાર્થક કરાશે. અંદરથી સાદ સંભળાય છે, નેપથ્યના પ્રદેશમાંથી વૈરાગ્યથી

વણાયેલો રુચિનો પ્રવાહ ઇશારો કરે છે કે, આવ જીવ! સ્વભાવમાં સમાઈ જા એટલે તારી જન્મ-જન્માંતરની પીડાઓ વિલીન થઈ જશે. સાચા સંતોના વચનોનો અમૂલ્ય લ્હાવો કાને પડશે એટલે ભ્રમણાઓની માયાજાળ નષ્ટ થઈ જશે. સદ્‌ગુરુના સંગે, વાસ્તવિકતાની ધરતી પર પગલુ માંડતા, મોક્ષના અંકુર ફૂટીને આનંદમય આત્મ આરાધનાનો જીવનમાં પ્રવેશ થશે. તીવ્ર રુચિ અને જ્ઞાનીના સ્વરૂપની ભક્તિનો સંગમ તને **પંચમગતિ** પ્રદાન કરશે. અમીરસનું ઘૂંટડે-ઘૂંટડે પાન કરતાં, ગાયની જેમ વાગોળતાં, હૃદયનાં ઊંડાણથી **"સ્વ"** ની ખોજ પૂરી થશે. અત્યાર સુધી સફળતા ન મળી, મિથ્યાત્વએ ભમાવ્યો તેનું શું કારણ? આવી ભૂલ ફરી ફરીને કેમ થાય છે? શું સાચા માર્ગની દ્રઢ શ્રદ્ધા થઈ નથી? **અનંતકાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે, આ એક અવાચ્ય, અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે.** પોતે પરિભ્રમણનું કોઈ જ ક્ષેત્ર બાકી રાખ્યું નથી! અહો! કોઈ વાર ચક્રવર્તી અને ઇન્દ્રોનો વૈભવ માણી આવ્યો, શું ઓછું પડયું છે? ચારેય ગતિનાં ભયંકર દુઃખોનું વર્ણન કરવા કરોડો જીભો ઓછી પડે, તો શું એ દુઃખો ખરેખર આપણે ભોગવ્યા, તેવો વિશ્વાસ અને ઘોર વેદના અનુભવમાં નથી આવતાં? **માટે જાગૃત થા!! જાગૃત થા!!**

**"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં."**

**હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહું છું.**

**અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં.**

**અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર, આશ્ચર્ય ભૂલ.**

**સમશ્રેણી રહેવી બહુ દુર્લભ છે; નિમિત્તાધીન વૃત્તિ ફરી ફરી ચલિત થઈ જશે; ન થવા અચળ ગંભીર ઉપયોગ રાખ........**

**એ ક્રમ યથાયોગ્ય ચલાવ્યો આવીશ તો તું મૂંઝાઈશ નહીં. નિર્ભય થઈશ. (....પત્રાંક ૧૦૮)**

**અનંતકાળ થયાં સ્વરૂપનું વિસ્મરણ હોવાથી અન્યભાવ જીવને સાધારણ થઈ ગયો છે. દીર્ઘકાળ સુધી સત્સંગમાં રહી બોધભૂમિકાનું સેવન થવાથી તે વિસ્મરણ અને અન્યભાવની સાધારણતા ટળે છે; અર્થાત્ અન્યભાવથી ઉદાસીનપણું પ્રાપ્ત હોય છે. આ કાળ વિષમ હોવાથી સ્વરૂપમાં તન્મયતા રહેવાની દુર્ઘટતા છે; તથાપિ સત્સંગનું દીર્ઘકાળ સુધી સેવન તે તન્મયતા આપે એમાં સંદેહ નથી થતો.**

**જિંદગી અલ્પ છે, અને જંજાળ અનંત છે; સંખ્યાત ધન છે, અને તૃષ્ણા અનંત છે; ત્યાં સ્વરૂપસ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે, અને જિંદગી અપ્રમત્ત છે, તેમજ તૃષ્ણા અલ્પ છે, અથવા નથી, અને સર્વ સિદ્ધિ છે ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાનજીવન પ્રપંચે આવરેલું વહ્યું જાય છે. ઉદય બળવાન છે! (....પત્રાંક ૩૧૯)**

આમ સ્થિતિ છે, ત્યાં શું ઉપાય કરવો? એવું તે શું કરવું કે જેથી હું તૃષ્ણાના ખાડામાં પડતો બચી શકું અને મને, મોહ ની બેડીઓ જકડી ન લે? હા, એ માટે આ એક જ વસ્તુ કરવા યોગ્ય છે.

**“જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.”**

**આયુષ્ય અલ્પ અને અનિયત પ્રવૃત્તિ, અસીમ બળવાન અસત્સંગ, પૂર્વનું ઘણું કરીને અનારાધકપણું, બળવીર્યની હીનતા, એવાં કારણોથી**

રહિત કોઈક જ જીવ હશે, એવા આ કાળને વિષે પૂર્વે ક્યારે પણ નહી જાણેલો, નહીં પ્રતીત કરેલો, નહીં આરાધેલો તથા નહીં સ્વભાવસિદ્ધ થયેલો એવો " માર્ગ " પ્રાપ્ત કરવો દુષ્કર હોય એમાં આશ્ચર્ય નથી; તથાપિ જેણે તે પ્રાપ્ત કરવા સિવાય બીજો કોઈ લક્ષ રાખ્યો જ નથી તે આ કાળને વિષે પણ અવશ્ય તે માર્ગને પામે છે.

લૌકિક કારણોમાં અધિક હર્ષ-વિષાદ મુમુક્ષુ જીવ કરે નહીં. ( ....પત્રાંક ૭૨૭ )

પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાય છે તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે. જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે કે, કોઈને વિષે પુત્રપણું ભાવી આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી, અને કોઈને વિષે પિતાપણું માનીને પણ તેમ જ કર્યું છે, અને કોઈ જીવ હજુ સુધી તો પિતાપુત્ર થઈ શક્યા દીઠા નથી. સૌ કહેતા આવે છે કે આનો આ પુત્ર અથવા આનો આ પિતા, પણ વિચારતાં આ વાત કોઈ પણ કાળે ન બની શકે તેવી સ્પષ્ટ લાગે છે. અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો, કે ગણાવવાનું ચિત્ત રહેવું એ સૌ જીવની મૂઢતા છે, અને તે મૂઢતા કોઈ પણ પ્રકારે સત્સંગની ઈચ્છાવાળા જીવને ઘટતી નથી. ( ....પત્રાંક ૫૧૦ )

"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતા નહિ વાર."

પરમયોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે, તેનો સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત ( છૂટા ) થવું, કે જેથી ફરી જન્મમરણનો ફેરો ન રહે. તે દેહ

છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યર્થાથ સમરસપણું રહે છે તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાની પુરુષનો નિશ્ચય છે. ( ....પત્રાંક ૭૮૦ )

સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.

જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન, લાભ-અલાભ, હર્ષ-શોક, જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.

જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.

ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે કયારે પણ વિશ્વરૂપ થતો નથી, સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.

જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી

આકાશ રહિત જ છે, તેમ સમ્યક્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.

જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ?

અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવ-પ્રમાણસ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અક્લેશ સમાધિને પામે છે.

પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.

સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું. શાંતિઃ શાંતિઃ શાંતિઃ ( ....પત્રાંક ૮૩૩ )

"જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;"

ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. વિષય-કષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે

**વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંત પુરુષનાં ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે. અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે. (....પત્રાંક ૮૧૯)**

આમ, સત્પુરુષોએ માર્ગ તો બતાવી દીધો પણ મારે હવે આના પર જ ચાલવાનું છે. શુભસ્ય શીઘ્રમની જેમ શૌર્ય ઉપજાવી, વીર્ય ફોરવી, જ્ઞાનીના માર્ગે પ્રયાણ શરૂ કરવું છે. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

**"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?**
**ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?**
**સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,**
**વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?"**

**કર્મગતિ વિચિત્ર છે. નિરંતર મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા ભાવના રાખશો.**

**મૈત્રી એટલે સર્વ જગતથી નિર્વૈરબુદ્ધિ, પ્રમોદ એટલે કોઈ પણ આત્માના ગુણ જોઈ હર્ષ પામવો, કરુણા એટલે સંસારતાપથી દુઃખી આત્માના દુઃખથી અનુકંપા પામવી, અને ઉપેક્ષા એટલે નિસ્પૃહભાવે જગતના પ્રતિબંધને વિસારી આત્મહિતમાં આવવું. એ ભાવનાઓ કલ્યાણમય અને પાત્રતા આપનારી છે.(....પત્રાંક ૫૭)**

**જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં**

**આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; બીજી રીતે નહીં. (....પત્રાંક ૩૦૧)**

આમ, મારે જ્ઞાનીના આ વચનોને હૃદયમાં સ્થાપીને મારા આ જન્મને સાર્થક કર્યે જ હવે તો છૂટકો છે.

હું પડીશ, આથડીશ અને ગમે તેવા ઉદય પ્રસંગે પણ હવે તો વિવેક–બુદ્ધિપૂર્વક, અંતરંગના રસપૂર્વક, છૂટવાની તીવ્ર લગનીપૂર્વક, સત્પુરુષના વચનોને ગ્રહણ કરીશ. તેનો જ અમલ કરવા ફરી પ્રયત્નશીલ થઈશ અને મળેલા યોગને સાર્થક કરીશ. શ્રદ્ધામાં આ વિશ્વાસ ઝીલાયો છે તો નિઃશંકપણે, નિરાશા અને હતાશાનો લોપ કરી, જ્ઞાનીએ દર્શાવેલા મુક્તિના મહામાર્ગમાં પ્રવેશ કરવા મારે હવે, અંતઃકરણપૂર્વકની ક્ષમા–યાચના કરવી જોઈએ અને બ્રહ્મચર્ય અને અપરિગ્રહના પાલન માટે કટિબધ્ધ થવું જોઈએ. ભૂતકાળની ભૂલોનું સાચુ પ્રાયશ્ચિત જ વિભાવ ભાવની આડી–તેડી ગલી કુંચીઓની ભૂલ–ભૂલામણીની ભૂતાવળોમાંથી મને છોડાવી શકશે. કારણકે, “ક્ષમા તે જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.”

બસ, હવે તો, અભય થઈ, સંજીવનીરૂપ જ્ઞાનીની મંગલ દેશનાને હૃદયમાં સ્થાપીને ફરી ફરી મનન અને ચિંતવનની પાવન ગંગા સાથે, આત્મિક કલ્યાણની આનંદમય આત્મ આરાધનાનું પ્રયાણ શરૂ કરું.

❀

# ક્ષમાપના

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારા કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહીં. હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડયો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઇ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાતાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવાન !

તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઇ અજાણ્યું નથી. માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

*(.....શિક્ષાપાઠ ૫૬)*

હે પરમકૃપાળુ દેવ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપનાં ચરણારવિન્દમાં નમસ્કાર કરું છું. આપની પરમભક્તિ અને વીતરાગપુરુષના મૂળધર્મની ઉપાસના મારા હ્દયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

*(.....પત્રાંક ૪૧૭)*

卐

"અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરૂણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન.

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

કૃપાળુદેવના ચરણમાં, હો વંદન અગણિત.
કહાનગુરુના ચરણમાં, હો વંદન અગણિત.

ભગવતીમાતના ચરણમાં, હો વંદન અગણિત.
સૌ જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત."

## -: ધૂન:-

"આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે...


આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે...

આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે...

આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે...


આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે..."

# શ્રીમદ્ રાજચંદ્રજીનો અંતિમ સંદેશ
## પૂજ્ય ગુરૂદેવશ્રી કાનજી સ્વામીનાં હસ્તાક્ષરમાં



ॐ શાંતિઃ

ॐ સહજાત્મસ્વરૂપાય નમઃ



ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧

આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩

જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ. ૪

ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન-સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિનદર્શન અનુયોગ. ૬

પ્રવચન-સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭

વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮

મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯

રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦

નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણયોગ નહિ ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧

આવ્યે બહુ સમ દેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ. ૧૨

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર. ૧૩

# ઔષધ . . . ભવ રોગના

## " સાર્થક્ય "

ગાઢ જંગલમાં દાવાનળ સળગી ઉઠે અને અનેક પ્રાણીઓ બળી ઝળી મરે. તાપાગ્નિમાં શેકાઈને અપાર પીડા પામે. . . તેમ અનંત જીવો આ સંસારમાં આધિ, વ્યાધિ અને ઉપાધિના અનંત પ્રકારના દુઃખ ભોગવતા અનાદિથી ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે.

જો આવી અપાર વેદનાથી થાકોડો અનુભવાય અને સુખની અભિલાષા હોવા છતાં સત્ સુખનો ઉપાય ક્યાંય મળતો ન હોય, તો ભવરોગના આ ઓસડને એક વખત ગ્રહણ કરી જોશો.

સત્નું સંશોધન કરી, પ્રાપ્ત કરી અને સુખ અનુભવીને સત્પુરૂષો, અપાર કરૂણા કરીને, જીવોને સુખનો માર્ગ બતાવે છે.

એવા જ એક અર્વાચીન અધ્યાત્મ સૂર્ય, સ્વાનુભવી, એકાવતારી કરૂણાસાગર સત્પુરૂષ **શ્રીમદ્ રાજચંદ્રદેવે**(પરમ કૃપાળુદેવે) પ્રકાશેલો સત્સુખનો માર્ગ આ CD ના માધ્યમથી ત્રિવિધ તાપાગ્નિથી ત્રસ્ત અને સુખના અભિલાષી જીવોને પથદર્શક થાય એ પ્રયોજનથી પ્રસારિત કરવામાં આવેલ છે.

આ પથદર્શક વચનોને, શારિરીક રીતે અસ્વસ્થતા અને પીડા અનુભવતા ભવ્ય જીવો, એકાગ્રતાથી સાંભળી, સમજી, વિચારી અંતરશ્રદ્ધામાં અવધારી, સુખની વાટ શીઘ્ર પકડે...તો જ<br>
પ્રયોજન સિદ્ધિ અને તો જ ખરૂં<br>
" સાર્થક્ય". . . . .

: પ્રાપ્તિ સ્થાન :
શ્રી કુંદકુંદ - કહાન પારમાર્થિક ટ્રસ્ટ.
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં.૩૦, નવયુગ કો-ઓ-હા. સોસાયટી,
વી.એલ.મહેતા માર્ગ, વિલે-પાર્લે (પ.), મુંબઈ - ૪૦૦ ૦૫૬.

022-2613 0820 info@vitragvani.com
www.vitragvani.com www.facebook.com/vitragvani